
ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૭ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૪૫ ટકા

# રૂ. ૯.૯૬ લાખ સાથે સંભવિત ઉમેદવાર ઝડપાયા

## ૨૭-હિંમતનગર વિધાનસભા લખેલ ફોટો અને પક્ષના લોગો સાથેનું સ્ટીકર ચિપકાવી ગાડીમાં જઈ રહેલા સંભવિત ઉમેદવારને સ્ટેટીક સર્વેલન્સની ટીમે લેકાવાડાથી પકડયા : ચિલોડા પોલિસે ગુનો દાખલ કરવાની કાર્યવાહી કરી કેસ અંગે તપાસ આરંભી





ગાંધીનગર, તા.૨૧

ચૂંટણી દરમિયાન મતદારોને આકર્ષવા કે રીઝવવા દારુ કે રૂપિયાની ઉમેદવારો દ્વારા વહેંચણી કરી લલચાવવામાં ન આવે તેનું ખાસ ધ્યાન રાખી તકેદારીના ભાગરૂપે ઠેર ઠેર સ્ટેટીક સર્વેલન્સ ટીમો ચેકીંગ માટે વિડિયોગ્રાફી સાથે તૈનાત કરી દેવામાં આવી છે. ગાંધીનગર નજીક લેકાવાડા પાસે ઉભેલી આ સ્ટેટીક સર્વેલન્સ ટીમે ૨૭-હિંમતનગર વિધાનસભા લખેલું સંભવિત ઉમેદવારનો ફોટો અને પક્ષના લોગો સાથેનું સ્ટીકર ચિપકાવીને જતી ગાડી શંકા આધારે ઉભી રખાવી તપાસ કરતા ગાડીમાંથી રૂ. ૯.૯૬ લાખ કેશ મળી આવી હતી. આટલી મોટી રકમની કેશ અંગે સંતોષકારક જવાબ ન મળતા સ્ટેટીક સર્વેન્લસ ટીમે ચિલોડા પોલિસનો સંપર્ક કરતા પોલિસે ગુનો દાખલ કરવા તજવીજ શરુ કરી છે. આ રુપિયા કયાંથી લાવ્યા અને કયાં લઈ જવાતા હતા? હિસાબી છે કે બિનહિસાબી તે સહિતની પૂછપરછ શરુ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ આજે બપોરના અરસામાં લેકાવાડા પાસે ચૂંટણી અનુસંધાને નિયુકત કરાયેલી સ્ટેટીક સર્વેલન્સ ટીમ તૈનાત હતી ત્યારે જીજે ૧૮બીએચ ૦૯૧૧ નંબરની ક્રેટા ગાડી શંકાસ્પદ હાલતમાં ત્યાંથી પસાર થઈ રહી હતી. આ ગાડીમાં બોનેટ ઉપર ૨૭-હિંમતનગર વિધાનસભા લખેલું હતું અને પક્ષનો લોગો ઉપરાંત તે વિસ્તારના સંભવિત ઉમેદવારનો ફોટો પણ ચિપકાવેલો હતો. આ દશ્ય જોઈ શંકાઓ જતા સર્વેલન્સ ટીમે ગાડી ઉભી રખાવી હતી. ગાડીમાં ૨૭ હિંમતનગર વિધાનસભાના સંભવિત ઉમેદવાર લાલસિંહ પી.પરમાર હતા. ગાડીમાં તપાસ કરતા પક્ષના ખેસનો જથ્થો, કોઈ સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસીસ ચલાવતી એકેડેમીના પેમ્ફલેટસનો જથ્થો અને રૂ. ૯.૯૬ લાખ રોકડા મળી આવ્યા હતા. આટલી મોટી કેશ અંગે પુછતાછ કરતા સંતોષકારક જવાબ ન આપી શકતા લાલસિંહ પરમારને ચિલોડા પોલિસ સ્ટેશન લઈ જવાયા હતા. ચિલોડા પોલિસે પ્રથમ જાણવાજોગ નોંધ્યા બાદ આ મામલે ગુનો દાખલ કરવાની કાર્યવાહી મોડી સાંજે શરુ કરી હતી. રૂ.૯.૯૬ લાખ કોના છે? હિસાબી છે કે બિનહિસાબી? કયાં લઈ જવાઈ રહ્યા હતા? તે રૂપિયા ચૂંટણીમાં મતદારો રીઝવવા વપરાશ અર્થે લઈ જવાતા હતા કે કેમ? તે સહિતની બારીકાઈથી પુછપરછ શરુ કરવામાં આવી છે.




# સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી અંતર્ગત બુક રીવ્યુ અને પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઈ

## ભવિષ્યમાં લાયબ્રેરીની પરિકલ્પના પોસ્ટર થકી પ્રસ્તુત કરતા વિદ્યાર્થીઓ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૧૫સ્થિત સરકારી વિજ્ઞાન કોલેજની લાયબ્રેરી દ્વારા તા. ૧૪થી ૨૦મી નવેમ્બર દરમિયાન રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં વિવિધ કાર્યક્રમો અંતર્ગત તા. ૨૦મી નવેમ્બરે ઈન્ટર કોલેજ બુક રીવ્યુ કોમ્પિટીશન અને પોસ્ટર મેકિંગ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. પોસ્ટર મેકિંગ સ્પર્ધાનો વિષય 'ભવિષ્યની લાયબ્રેરી કેવી હોવી જોઈએ' તે રાખવામાં આવ્યો હતો જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ રસપ્રદ કલ્પનાઓને પોસ્ટ પર કંડારી હતી.

રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ અંતર્ગત યોજાયેલ બુક રીવ્યુ અને પોસ્ટર મેકિંગ સ્પર્ધાઓમાં





ગાંધીનગર તથા આસપાસના વિસ્તારની કોલેજોના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાને શિવાંગી અને હરા, દ્વિતિય સ્થાને રિતિક ગોસ્વામી તથા તૃતીય સ્થાને રાકેશ દાફડા, પ્રશાંત વેદ અને ભાગ્યેશ ચાવડાની ટીમ વિજેતા બની હતી જયારે પ્રિયા મિસ્ત્રીને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરકારી, વિજ્ઞાન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કે.જી. છાયાએ ગ્રંથાલયનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન ગ્રંથપાલ જયશ્રીબેન પંડયા દ્વારા જ્ઞાનધારા અંતર્ગત કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટાફ મિત્રોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

# રાયસણમાં બંધ મકાનનું ઈન્ટરલોક તોડી રૂ. ૧.૪૫ લાખની ઘરફોડ

## ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના આસી. પ્રોફેસરના મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યુઃ પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક રાયસણ ગામની સીમમાં આવેલા સનસાઈન હાઈટસ-૨ ખાતે ત્રણ દિવસથી બંધ રહેલા મકાનના દરવાજાનું ઈન્ટરલોક તોડી તસ્કરો રૂ. ૧.૪૫ લાખના દાગીનાનો હાથફેરો કરી ગયા હોવાની ફરિયાદ ઈન્ફોસીટી પોલિસ મથકમાં નોંધાવા પામી છે. પોલિસે ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના આસી. પ્રોફેસરની ફરિયાદનો આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ મુળ ઝારખંડના અને હાલ ગાંધીનગર નજીક રાયસણ ખાતે સનસાઈન હાઈટસ-૨ ફલેટ નં. બી-૩૦૩માં રહેતા ડૉ. સતીષકુમાર વિમલાપ્રસાદ સિંઘ ગાંધીનગર સે-૯ ખાતે આવેલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાં આસી. પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. ૧૭ થી ૨૦ નવેમ્બર દરમિયાન ત્રણ દિવસ માટે તેઓ પરિવાર સાથે મકાનને તાળુ મારીને બહારગામ ગયા હતા. આજે ઘરે પરત ફર્યા અને જોયું તો દરવાજાનું ઈન્ટરલોક તુટેલું હતું. મકાનમાં સામાન વેર વિખેર પડયો હતો. બેડરૂમના કબાટનું લોક તોડી ત્રણ દિવસના સમયગાળા દરમિયાન તસ્કરો અંદરથી ત્રણ તોલાનું સોનાનું મંગળસૂત્ર, દોઢ તોલાની ચેઈન, બે તોલાની બંગડી, સોનાની વીંટી અને બુટ્ટીની જોડ મળી કુલ રૂ. ૧.૪૫ લાખના દાગીના સહિતની મત્તાની ચોરી કરી રફફુચક્કર થઈ ગયા હતા. મકાનમાલિક ડૉ. સતીષકુમાર સિંઘની ફરિયાદ આધારે ઈન્ફોસીટી પોલિસે ગુનો નોંધી ગુનાની બારીકાઈથી તપાસ શરુ કરી છે.

# શહેરમાં હોમ લોન-કાર લોનના વ્યાજમાં ધરખમ ઘટાડો

## દેના બેંક દ્વારા હોમ લોન પર ૮.૨૫ ટકા અને કાર લોન પર ૯ ટકાનું વ્યાજઃ પ્રોસેસ ફીમાં પણ મુકિત અને મહિલાઓ માટે વિશેષ છુટ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં હવે ઘર અથવા ગાડી ખરીદવા માંગતા નાગિરકો માટે આનંદના સમાચાર છે. શહેરની અગ્રણી બેંક દેના બેંક દ્વારા હાલ હોમ લોન તથા કારલોન માટે કેમ્પેઈન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં વ્યાજ દરો દેશની કોઈ પણ બેંક કરતા ઓછા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. તેમાં પણ મહિલાઓ માટે વિશેષ છુટ સાથે તમામ ગ્રાહકોને પ્રોસેસ ફીની રકમ માફ કરવામાં આવી છે.

શહેરમાં હાલ રિઅલ એસ્ટેટના માર્કેટમાં ભાવો સ્થિર હોવાના કારણે ઘર ખરીદવા માટે સારો સમય ચાલી રહ્યો છે. વળી, કેલેન્ડર વર્ષના અંતમાં કાર ખરીદીમાં મોડેલ વર્ષ બદલાતું હોવાને કારણે ઓટો કંપનીઓ દ્વારા વિશેષ ડિસ્કાઉન્ટ ઓફર કરાતા હોય છે તેથી વાહનખરીદી માટે પણ યોગ્ય સમય ગણાય છે. આ સમયે ગ્રાહકોને દેના બેંક દ્વારા ૨.૭૫ લાખ સુધીની હોમ લોન માત્ર ૮.૨૫ ટકાના વ્યાજદરે તથા કારલોન ૯ ટકાના વ્યાજદરે ઓફર કરવામાં આવી રહી છે. વળી, આ વ્યાજ દરમાં મહિલા ગ્રાહકો માટે ૦.૧૦ ટકાની વિશેષ છૂટ પણ આપવામાં આવી છે એટલું જ નહી પરંતુ અડધા ટકાના પ્રોસેસ ફી ની રકમ બંને લોનમાંથી તમામ ગ્રાહકો માટે સદંતર માફ કરવામાં આવી છે. આ ઓફર બેંક દ્વારા તા. ૩૧મી ડિસેમ્બર સુધી લાગુ પાડવામાં આવી છે જે ગાંધીનગરના નાગરિકો માટે મોંઘવારીમાં રાહત સમાન જણાઈ રહી છે.

# વર્ધી પહેરીને દારૂની હેરાફેરી કરતો નકલી પોલિસ ઝડપાયો

## પોલિસે પીછો કરીને ચિલોડા સર્કલેથી બોલેરોને પકડીને બે આરોપીને દબોચી લીધા :બોલેરોમાં બેઠેલો એક શખ્સ પોલિસની વર્દીમાં હતો : બોલેરોમાંથી તલવાર અને પોલિસ લખેલું બોર્ડ મળ્યું : રૂ. ૫.૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૨૧

વિદેશી દારૂ-બિયરની હેરાફેરી કરતી ગાડીઓ અને ટ્રકો ઉપર પોલિસે ચુંટણી અનુસંધાને ઘોંસ બોલાવતા બુટલેગરો નિતનવા કિમિયાઓ અપનાવીને ગુજરાતમાં દારૂ ઘુસાડવા પ્રયત્નો કરી રહ્યા છે. ગઈ મોડી સાંજે ચિલોડા પોલિસે પોલિસ લખેલું બોર્ડ મારેલી બોલેરોનો પીછો કરીને ચિલોડા સર્કલથી વર્ધી પહેરી દારૂની હેરાફેરી કરતા નકલી પોલિસને પકડી પાડયો હતો. રૂ. ૫.૨૩ લાખના મુદ્દામાલ સાથે ચિલોડા પોલિસે નકલી પોલિસ સહિત બે શખ્સોની ધરપકડ કરી બોલેરોમાંથી તલવાર અને દારૂ-બિયરનો જથ્થો જપ્ત કરી સઘન પુછપરછ શરુ કરી છે.

ચિલોડા પી.આઈ. નિરજ પટેલ તેમની ટીમ સાથે હિંમતનગર-ચિલોડા હાઈવે પર ચંદ્રાલા પાસે આગમન હોટલ નજીક વાહન ચેકીંગમાં હતા તે દરમિયાન જીજે૨૭ બીઈ ૩૨૫૬ નંબરની પોલિસ લખેલા બોર્ડ મુકેલી બોલેરો પસાર થઈ હતી. આ બોલેરો રોકવા ચિલોડા પોલિસની ટીમે ઈશારો કરતા બોલેરો ચાલકે જીપ ઉભી રાખવાને બદલે ભગાડી મુકી હતી. પોલિસે બોલેરોનો પીછો કરીને ચિલોડા સર્કલ પાસે આંતરી જીપ ઉભી રખાવી દીધી હતી. બોલેરો જીપમાં તપાસ કરતાં અંદર એક પોલિસ જવાન દેખાયો હતો. એ.ડી.આરના બેઝ લગાડેલો પોલીસનો ડ્રેસ(વર્ધી) તથા પટ્ટો અને બેરીકેપ પહેરીને






ઉતરેલો દશકોઈ થીંગરવા વિસ્તારનો દિપક ઉર્ફે દિલીપ વજેસીંગ ચૌહાણ ચિલોડા પોલિસે પકડયો હતો. તપાસ કરતા તે નકલી પોલિસ બનીને બેઠો હતો. તેની સાથે કણભા ગામનો સજ્જનસિંહ બાબુસિંહ ચુડાવત પણ બેઠો હતો. બંનેને પકડી જીપમાં તપાસ કરતા અંદરથી ૬૦ નંગ વિદેશી દારૂની બોટલો અને ૨૪ નંગ બિયરના ટીન મળી રૂ. ૨૦,૪૦૦નો દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો.

ચિલોડા પોલીસે બોલેરો જીપ અને દારૂ બિયર ઉપરાંત પોલિસ લખેલું બોર્ડ, નકલી વર્ધી, એક ધારદાર તલવાર અને ત્રણ મોબાઈલ સહિત કુલ રૂ. ૫,૨૩,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લઈ નકલી પોલિસ સહિત બંને શખ્સોની ધરપકડ કરી લીધી છે. પોલિસની નકલી વર્ધી તથા દારૂ-બિયરનો જથ્થો કયાંથી લાવ્યા હતા અને માલ કયાં લઈ જવાતો હતો તે ઉપરાંત કેટલા સમયથી આ રીતે હેરાફેરી કરી રહ્યા છે? તે સહિતની પુછપરછ ચિલોડા પોલિસે હાથ ધરી છે.

# વાવોલમાં ભાજપ-કોંગ્રેસ સહિત કોઈ પણ રાજકીય નેતાના પ્રવેશ પર પ્રતિબંધ...!!

## ફિલ્મ પદમાવતીના પ્રશ્નનો ઉકેલ ન આવે ત્યાં સુધી વાવોલ રાજપૂત યુવા સંગઠને તમામ નેતાઓને વૉટ માંગવા આવવા પ્રતિબંધ ફરમાવતા બેનર્સ લગાડયા

ગાંધીનગર, તા.૨૧

ચિતોડની મહારાણી પદમાવતીના જોહર પર આધારિત સંજય લીલા ભણશાલીની ફિલ્મ 'પદમાવતી' માટે રાજપૂતોનો વિરોધ સતત વધી રહ્યો છે અને આ વિરોધ હવે ચુંટણી પ્રચારને પણ અસર કરી રહ્યો છે. ગાંધીનગરમાં રાજપૂત કરણી સેનાએ યોજેલા વિશાળ શકિત પ્રદર્શન બાદ સર્જાયેલા માહોલને પગલે પદમાવતી ફિલ્મનો વિરોધ વધતો જાય છે. જેમાં આજે વાવોલના રાજપૂત યુવા સંગઠન દ્વારા જયાં સુધી પદમાવતી ફિલ્મના પ્રશ્નનો ઉકેલ આવે નહી ત્યાં સુધી ગામમાં ભાજપ-કોંગ્રેસ સહિત કોઈ પણ પક્ષના રાજકીય નેતાઓએ ચુંટણી પ્રચાર માટે પ્રવેશવું નહી તેવા બેનર્સ ગામના પ્રવેશદ્વારો પર લગાડવામાં આવ્યા છે. આ પ્રકારના બેનર્સ સરગાસણ ખાતે પણ લાગ્યા હોવાનું જાણવા મળ્યું છે.

વાવોલ રાજપૂત યુવા સંગઠનના નેજા હેઠળ આજે વાવોલમાં પ્રવેશવાના માર્ગો જેવા કે માર્ગ નં.૩ના રેલવે ફાટક, જીઆઈડીસીથી કલોલ તરફ જતા માર્ગે ચાર રસ્તા નજીક તેમજ ઉવારસદ માર્ગ પર તથા ગામના







તળાવ પાસે બેનર્સ લગાડવામાં આવ્યા છે. આ બેનર્સમાં સમસ્ત વાવોલ રાજપૂત યુવા સંગઠન વતી જણાવવામાં આવ્યું છે કે જયાં સુધી ફિલ્મ પદમાવતી પ્રશ્નનો ઉકેલ ન આવે ત્યાં સુધી ભાજપ, કોંગ્રેસ કે અન્ય કોઈ પણ પક્ષે વાવોલ ગામમાં ચુંટણી લક્ષી પ્રચાર કે વોટ માંગવા માટે પ્રવેશ કરવો જ નહી તેવું સ્પષ્ટ લખવામાં આવ્યું છે. આ બેનર્સ લગાડતા અગાઉ વાવોલ રાજપૂત યુવા સંગઠનના કાર્યકર્તાઓએ તળાવ પાસે બેનર પ્રદર્શિત કરી ફિલ્મ નિર્માતા વિરુધ્ધ તથા રાજપૂત એકતાની તરફેણમાં સુત્રોચ્ચાર કર્યા હતા.

## @ગાંધીનગર

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો સુશીલાબેન એચ. પટેલ, સે-૩-સી, પ્લોટ નં. ૧૨૮૨/૧ ખાતે બપોરે ૨ થી ૫ દરમિયાન યોજાશે.

● પ્રાથમિક શાળાના વ્યાયામ અને ચિત્ર શિક્ષકો બપોરે ૧ કલાકે સે-૧૩ ઓમકાર વિદ્યાલય ખાતે આવેદન પત્ર આપવા એકત્ર થશે.

## શહેરમાં ઓપન માઈકનું આયોજન કરાયું

આપણું ગાંધીનગર ગ્રુપ દ્વારા ગાંધીનગર શહેરમાં વસતા નાગરીકો માટે આગામી તા. ૨જી ડિસેમ્બરને શનિવારના રોજ સાંજે ૫ કલાકે બેંક ઓફ બરોડાની સામેની બાજુએ સ્વર્ણીમ પાર્ક ખાતે ઓપન માઈકનું આયોજન કરવામાં આવેલ છે. ઓપન માઈક દ્વારા શહેરના નાગરીકો અને યુવાનોને વિવિધ મુદ્દા તેમજ વિચારો સહિત પોતાની મનગમતી કૃતિઓ રજુ કરવા માટેનું મંચ છે. ઓપન માઈકમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ તા.૨૭ નવેમ્બર સુધીમાં ૯૧૭૩૮૨૮૦૬૦ પર નામ નોંધાવી શકે છે. આ કાર્યક્રમને પગલે મારું ગુજરાત ગ્રુપના યુવાનોએ તડામાર તૈયારીઓ શરુ કરી છે.

## સે-૨૯માંથી યુવતી લાપતા

શહેરના સેકટર-૨૧ પોલિસ સ્ટેશનમાં અમરાઈવાડી ખાતે રહેતા જશોદાબેન ગણપતભાઈ સોલંકીએ તેમની૨૭ વર્ષીય દિકરી ગુમ થઈ ગયા અંગેની જાણવા જોગ નોંધાવી છે. ૧૯ નવેમ્બરે બપોરે બારેક વાગ્યાના અરસામાં તેમની દિકરી શિલ્પાબેન ગણપતભાઈ સોલંકી તેણીના મોટાભાઈના ઘર સે-૨૯ ચ-ટાઈપથી કોઈને કંઈ કહ્યા સિવાય કયાંક ચાલી ગઈ હતી. રંગે ઘઉંવર્ણની આશરે પાંચ ફુટ ઉંચાઈની આ યુવતી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે અને તેણીએ શરીરે વાદળી તથા સફેદ કલરની ડિઝાઈનવાળો પંજાબી ડ્રેસ તથા સફેદ લેગીંગ્ઝ અને દુપટ્ટો પહેરેલ છે. સે-૨૧ પોલિસે જાણવાજોગ નોંધી તેણીની શોધખોળ શરુ કરી છે.

## વોર્ડનં. ૮માં ડ્રેનેજ કામમાં લાલિયાવાડી અંગે રજુઆત

ગાંધીનગર, તા.૨૧

વોર્ડનં.૮માં સમાવિષ્ટ સેકટર-૧, ૨,૩ ન્યુ, ૪, ઈન્ફોસીટીના ડ્રેનેજમાંની મુશ્કેલીઓ અંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કોર્પોરેટર શ્રીમતી પ્રવિણાબેન વોરાએ ડ્રેનેજ વિભાગમાં લેખિતમાં જોરદાર રજુઆત કરી છે.

સેકટર-૪-એના ઓમકારેશ્વર મહાદેવ સામે ડ્રેનેજ મેગા ઓપરેશનમાં મોટા ખાડા ઉપર વ્યવસ્થિત પુરાણ કરેલ નથી તો વ્યવસ્થિત મેટલથી ખાડો પુરાય તો રોડના પેવરીંગનું કામ ચાલુ હોવાથી રોડ પેવરીંગ થઈશકે.

રીંગ રોડ આંતરિક રસ્તા પર ગટરના ઢાંકણા તૂટેલા છે તો તાત્કાલિક વ્યવસ્થિત ઢાંકણા લગાવવા, તૂટી ગયેલ ગટરની ચેમ્બરો વ્યવસ્થિત કરવી તેમ ઉપરોકત મુજબ કામોની રજુઆત કરેલ છે.

## ચિરવિદાય

- સ્વ. જુગાભાઈ શંકરાભાઈ પ્રજાપતિ, ઉ.વ.૮૫
- સ્વ. પ્રવિણસિંહ નાથુસિંહ ડાભી, ઉ.વ. ૪૫
- સ્વ.રાજુભાઈ કરશનભાઈ ભંગી, ઉ.વ. ૨૭
- સ્વ. લક્ષ્મીબેન નરેન્દ્રસિંહ રાઠોડ,ઉ.વ. ૨૭
- સ્વ. સુરસંગજી રાયસંગજી ઠાકોર, ઉ.વ. ૬૭